બાબરી ધ્વંસ કેસ : અડવાણી માટે આગામી દિવસો ફરી મુશ્કેલરૂપ

નવી દિલ્હી,તા. ૭

ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી માટે આગામી દિવસો ફરી મુશ્કેલરૂપ હોઈ શકે છે. મળેલી માહિતી મુજબ સીબીઆઈએ સુપ્રિમ કોર્ટને સાફ શબ્દોમાં જણાવ્યું છે કે બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં અડવાણી સામે કાવતરાના આરોપો બદલ કેસ ચાલવો જોઈએ. અડવાણીએ કાવતરા આરોપોનો સામનો કરવો જોઈએ. સીબીઆઈએ એવી ઈચ્છા પણ વ્યક્ત કરી છે કે અડવાણી અને અન્ય નેતાઓએ આરોપી કાર સેવકોની સાથે ટ્રાયલનો સામનો કરવો જોઈએ. સીબીઆઈએ કહ્યું છે કે ભાજપના નેતા સામે કાવતરાના આરોપો પડતા મુકવામાં આવે તેની વિરૂદ્ધમાં તે નથી બલકે કાર સેવકો સાથે અડવાણી સામે ખટલો ચાલે તેમ પણ તે ઈચ્છે છે આ ધ્વંસ કેસમાં બે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. એફઆઈઆર નંબર ૧૭૭/૯૨ કાર સેવકોની સામે હતી. આ લોકો પર મસ્જિદને તોડી પાડવાનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. જ્યારે એફઆઈઆર નંબર ૧૯૮/૯૨માં અડવાણી, મુરલી મનોહર જોષી, ઉમા ભારતી, વિનય કટીયાર, અશોક સિંઘલ, ગિરીરાજ કિશોર, વિષ્ણુહરિ દાલમિયા, સાધ્વી રૂતમભરાનો સમાવેશ થાય છે. એફઆઈઆર નંબર ૧૯૮/૯૨માં લોકોના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મસ્જિદને તોડી પાડવા કાર સેવકોને ઉશ્કેરવાના ભાષણો આપવા બદલ તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીબીઆઈએ તેમના તાજેતરની એફિડેવિડમાં જણાવ્યું છે કે ૧૭૭/૯૨થી આરોપી લોકોને અલગ કરવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. કારણ કે તેઓનો વિવાદાસ્પદ માણખાના વાસ્તવિક ધ્વંશમાં અંગત રીતે હાથ નથી. ૧૯૮/૯૨ આરોપી તરીકે તેમને રજુ કરવામાં

આવ્યા છે. સીબીઆઈએ કહ્યું છે કે કે આ બાબત કેવી યોગ્ય રહી કે. ૧૯૭/૯૨ અને ૧૯૮/૯૨ કેસ અલક કેસ છે. જો કે સંજોગો જુદા જુદા રહેલા છે. વિવાદાસ્પદ માણખાને તોડી પાડવા માટે એક કાવતરૂ ઘળવામાં આવ્યું હતું. ૧૨ ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદને તોડી પાડવામાં આવી હતી. ફોજદારી કાવતરાને લઈને અગાઉ પણ હોબાળો મચી ચુક્યો છે. સમગ્ર મામલામાં છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે વણ ઓળખાયેલા કાર સેવકો સામે એફઆઈઆર દાખલ કરાઈ હતી. ત્યારબાદ અડવાણી અને અન્ય સાત સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ૧૨મી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે આ મામલાની તપાસ સીબીઆઈએ પોતાના હાથમાં લીધી હતી. બાબરી મસ્જિદ કેસના કાવતરા ની લીધે અડવાણીની સામે કાર્યવાહીની રજુઆત કરવામાં આવતા હવે નવો મામલો સપાટી ઉપર આવી શકે છે. અડવાણીની ભુમિકા અંગે સીબીઆઈએ કહ્યું છે કે ધ્વંશની શરૂઆત પહેલા અને ધ્વંશ દરમિયાન કાઈમ નંબર ૧૯૮/૯૨ની એફઆઈઆરમાં ૮ લોકોના નામનો ઉલ્લેખ છે. આ લોકોએ ઉશ્કેરીજનક સ્લોગન કર્યા હતા. કાર સેવકો માળખાને તોડી પાડે તેના માટે ઉશ્કેર્યા હતા. ૩૦ પાનાની એફિડેવીડમાં સીબીઆઈએ કહ્યું છે કે જ્યારે માળખાને તોડી પાડવામાં આવ્યુ ત્યારે આરોપી નેતાઓ અને અન્યો ખુશ દેખાઈ રહ્યા હતા. એક બીજાને ગળે પણ મળ્યા હતા. મંચ ઉપર મીઠાઈઓ વહેચવામાં આવી હતી. આ મંચ વિવાદાસ્પદ માળખાથી ૧૭૫ મીટરના અંતરે બનાવ્યાની વાત પહેલા આવી ચુકી છે. એફિડેવિટ મારફતે સીબીઆઈએ હાઈકોર્ટના ૨૦૧૦ના ચુકાદાને પડકાર ફેંક્યો હતો.

ગુલબર્ગ હત્યાકાંડનો અહેવાલ જાકિયાને સુપ્રત કરાયો

અમદાવાદ,તા. ૭

સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી સીટે ફરિયાદી જાકિયા ઝાફરીને તમામ દસ્તાવેજોની સાથે અહેવાલ આજે અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટમાં સુપરત કરી દીધો હતો. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. સીટે આપેલા અહેવાલમાં ૨૫ સીડી અને ૫૪૧ પાનાના અહેવાલમાં અનેક ભાગ રહેલા છે. એસઆઈટી દ્વારા મામલાને બંધ કરવાની માંગણી કરતા અહેવાલ સામે જાકિયા હેવ વિરોધ અરજી કરી શકે છે.જાકિયા ઝાફરીને સીટનો અહેવાલ સુપરત કરવામાં આવ્યો બાદ આ મામલામાં ૧૦મી મે સુધી આગામી સુનાવણી મોકુફ કરી દીધી હતી. જાકિયાએ આ અંગે પ્રતિક્રિયા કરતા કહ્યુ હતુ કે અહેવાલ મળવાની બાબત અમારા માટે જીત સમાન છે. ગુલમર્ગ હત્યાકાંડમાં જાકિયા ઝાફરીના પતિ અને પૂર્વ સંસદ સભ્ય અહેસાન જાફરી માર્યા ગયા હતા. અન્ય ૬૯ લોકોના મોત ગુજરાતમાં ગોધરાકાંડ બાદ ભડકેલી

હિંસા દરમિયાન બનેલા ગુલબર્ગ હત્યાકાંડ દરમિયાન થયા હતા. આ અહેવાલમાં કાવતરાના મામલામાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય ૬૨ લોકોને ક્લીનચીટ આપી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ મુજબ અમે ફરિયાદી જાકિયા ઝાફરીને અહેવાલ સોંપી ચૂક્યા છીએ. સીટ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ સાથે સંબંધિત દસ્તાવેજો હવે ઝાકિયા જાફરીને આપી દેવામાં આવ્યા છે. અમે સુપ્રીમ કોર્ટ સમક્ષ એવી રજૂઆત પણ કરી ચૂક્યા છીએ કે જાકિયા ઝાફરીના વકીલ અહેવાલમાં અભ્યાસ કરવા સમય મેળવી શકે છે. આને લઈને અમને કોઈ વાંધો નથી. સીટ તરફથી ઉપસ્થિત થયેલા વકીલ આર એસ જામવરે આજે આ મુજબની માહિતી આપી હતી. કોર્ટની કાર્યવાહી બાદ પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે આ મુજબની રજૂઆત કરી હતી. અમદાવાદમાં મેટ્રોપોલિટન કોર્ટ હવે ૧૦મી મેના દિવસે મામલામાં સુનાવણી હાથ ધરશે. દરમિયાન જાકિયા ઝાફરીના વકીલે અહેવાલમાં અભ્યાસ કરવા બે મહિનાનો સમય માગ્યો છે. મહત્વપૂર્ણ દસ્તાવેજો અને પુરાવાની સીટે અવગણના કેમ કરી છે તેમાં વળતી દલીલો કરવાની તૈયારી કરવા તેમજ અભ્યાસના ભાગરૂપે બે મહિનાનો સમય માંગવામાં આવ્યો છે. નરેન્દ્ર મોદી અને અન્યો સામે ખટલો ચલાવી શકાય તેવા કોઈ અંગે નિર્ણય લેવાનું કામ હવે કોર્ટનું છે. ગયા મહિને ૧૦મી એપ્રિલના દિવસે મેટ્રોપોલિટન કોર્ટે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૨માં ગુજરાત રમખાણ સંબંધિત ગુલબર્ગ હત્યાકાંડમાં સીટનો અંતિમ અહેવાલમાં મોદી સહિત ૬૨ આરોપીઓ સામે કોઈપણ પ્રકારના પુરાવા નથી. કોર્ટે એમ પણ ઠેરવ્યું હતું કે સીટે ક્લોઝર રિપોર્ટ દાખલ કરી દીધો છે. જાકિયા ઝાફરીને અહેવાલ આપી દેવામાં આવે તે જરૂરી છે. ૧૦મી મે પહેલા સીટ દ્વારા અહેવાલ અને સંબંધિત દસ્તાવેજો આપવા કહેવામાં આવ્યું હતું.

વ્યુહાત્મક ક્ષેત્રોમાં પાકિસ્તાન તરફથી મુડીરોકાણ ઉપર અંકુશ

નવી દિલ્હી,તા.૭

યુપીએ સરકાર વ્યુહાત્મક સેક્ટરોમાં પાકિસ્તાન તરફથી મુડી રોકાણ ઉપર અંકુશ મુકશે. સંરક્ષણ, અંતરિક્ષ અને એટોમિક એનર્જી જેવા ક્ષેત્રોમાં પાકિસ્તાન તરફથી રોકાણને મંજુરી આપવામાં આવશે નહી. સત્તાવાર સુત્રોએ આ સંબંધમાં માહિતી આપતા જણાવ્યું છે કે ડિફેન્સ પ્રોડક્શન સેક્રેટરી શેખર અગ્રવાલે ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન સમક્ષ આ મુદ્દે ચર્ચા કરી હતી. આ અધિકારીએ કહ્યું હતું કે કોઈપણ કેસમાં આ સેક્ટરોમાં પાકિસ્તાની રોકાણ માટે મંજુરી આપવી જોઈએ નહી. જેથી તેમની રજુઆતને ધ્યાનમાં લઈને વ્યુહાત્મક ક્ષેત્રમાં પાકિસ્તાનને મંજુરી અપાશે નહીં. આ ઘટનાક્રમને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ઉદ્યોગ વિભાગ અને સાથે સાથે નાણા મંત્રાલયે પહેલાથી જ રિઝર્વ બેંકને આ સંબંધમાં એક દરખાસ્ત મોકલવી દીધી છે. જેથી કેમામાં સુધારાની પ્રક્રિયા તાત્કાલીક ધોરણે હાથ ધરી શકાય. નિયમોનો ઉલ્લેખ કરીને આ મુજબની બાબતનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. દરેક મુડી રોકાણની દરખાસ્ત જે પાકિસ્તાન તરફથી આવી રહી છે તેમાં વિદેશી રોકાણ પ્રોત્સાહન બોર્ડની મંજુરી જરૂરી રહેશે. સાથે સાથે ગૃહ મંત્રાલય તરફથી સુરક્ષા મંજુરી પણ મેળવવી પડશે. હાલમાં પાકિસ્તાન જ એક માત્ર એક દેશ છે જે દેશમાંથી મુડી રોકાણને અટકાવવામાં આવે છે. વર્ષ ૨૦૦૪માં શ્રીલંકા સામે પણ આવી જ રણનિતિ અપનાવવામાં આવી હતી. પરંતુ શ્રીલંકા સાથે સંબંધો સુધરી ચુક્યા છે.

બાંગ્લાદેશ તરફથી રોકાણ હજુ સુધી સામાન્ય બન્યું નથી. પાકિસ્તાનના સંબંધમાં સાવાહોના ગાળામાં જ વિધિવત રીતે આદેશ જારી કરવામાં આવશે. આરબીઆઈએ સરકારને કહ્યું છે કે તેતાત્કાલિક ધોરણે જાહેરનામું જાહેર કરી શકે છે. સરકાર પાસે કેટલાક વિકલ્પ રહેલા છે. તેના ભાગરૂપે એક વિકલ્પ એ છે કે પાકિસ્તાન તરફથી મુડી રોકાણ પર પ્રતિબંધને સામાન્ય રીતે ઉઠાવી લેવામાં આવશે. અને આ મામલો નિર્ણય લેવા માટે ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ (એફઆઈપીબી) ઉપર છોડી દેવામાં આવશે. જો કે વિધિવત જાહેરાત પહેલા કરવામાં આવશે.

રાષ્ટ્રપતિ ચૂંટણી : એનડીએ દ્વારા નિર્ણય કરાયો જ નથી

પટના, તા.૭

રાષ્ટ્રપતિ પદની ચૂંટણી ટુંકમાં જ યોજાવાની છે છતાં નેશનલ ડેમોક્રેટ્રીક એલાયન્સ (એનડીએ) એ હજુ સુધી કોઈ રણનીતિ તૈયાર કરી નથી. રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીથી બિહાર પરત ફરતી વખતે બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારે કહ્યું હતું કે ઉમેદવાર અંગે હજુ કોઈ ચર્ચા થઈ નથી. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી નજીક આવશે ત્યારે એનડીએના નેતાઓની બેઠક મળશે. જૂલાઈમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાશે. કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી કપિલ સિબ્બલ સાથે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ બિહાર (સીયુબી)ના સ્થળ અંગે અચોક્કસ મુદ્દે થયેલી વાતચીતને નીતિશ કુમારે ફળદાયી ગણાવી હતી. આ અંગે અમુક બાબતો પર સમજૂતી થઈ છે. આ મુદ્દે હજુ થોડી મંત્રણાનો અવકાશ છે. પ્રસ્તાવિત યુનિવર્સિટીના સ્થળ અંગે સિબ્બલ અને નિતીશકુમાર વચ્ચે મતભેદ ઉભા થયાં હતા. સિબ્બલે ગયા ખાતે યુનિવર્સિટી સ્થાપવા માંગતા હતા. જ્યારે નિતીશકુમાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના કાર્યસ્થળ પૂર્વ ચંપારણના મોતિદારી ખાતે બનાંવવા માંગે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ પદના ઉમેદવારના નામ અંગે એનડીએના ચાવીરૂપ પણ ભાજપ અને જનતાદળ (યુ) વચ્ચે મતભેદ ઊભા થયા હતા. ગત સમાહે લોકસભામાં વિપક્ષનેતા અને ભાજપના અગ્રણી નેતા સુષ્મા સ્વરાજે પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલકલામના નામ પર સમર્થન આપવાંની વાત કરી હતી. જેના બીજા દિવસે જેડી(યુ)ના વડા શરદ યાદવે સુષ્માની વાતને તેમની અંગત અને ભાજપનો મત ગણાંવતા કલામના નામને સમર્થન આપવાનો ઈન્કાર કર્યો હતો.

ગુજરાતમાં નેશનલ સિક્યોરિટી ગાર્ડની રચના કરવાનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા.૭

આતંકવાદ સામે લડવાના ભાગરૂપે હવે ગુજરાતમાં નેશનલ સિક્યોરિટી ગાર્ડ (એનએસજી)ની રચના કરવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. પશ્ચિમ બંગાળમાં આવા એક સેન્ટરની રચના કરવાના પ્રયાસોમાં નિષ્ફળતા મળ્યા બાદ આનો સીધો ફાયદો ગુજરાતને મળી ગયો છે. હવે ગુજરાતમા નેશનલ સિક્યોરિટી ગાર્ડ માટે બેઝ સ્થાપિત કરવામાં આવશે. મળેલી માહિતી મુજબ કેન્દ્ર સરકારે ગુજરાત સરકાર દ્વારા કરવામા આવેલી વિનંતીને સૈદ્ધાતિક રીતે મંજૂરી આપી દીધી છે. રાજ્યમાં નેશનલ સિક્યોરિટી ગાર્ડના ક્ષેત્રીય સેન્ટરની રચના કરવાની વિનંતી ગુજરાત સરકાર દ્વારા કરવામા આવી હતી. નેશનલ સિક્યોરિટી ગાર્ડ બેઝ સમગ્ર પશ્ચિમ અને ઉત્તરીય

વિસ્તારને આવરી લેશે તેવો દાવો પણ કરવામા આવ્યો હતો. દેશના પશ્ચિમ અને ઉત્તરીય ભાગોમાં આતંકવાદને રોકવાની જવાબદારી અહીંથી જ મુખ્યરીતે સંભાળવામા આવશે. સૂત્રોએ કહ્યુ છે કે ગુજરાતમાં ૬૦૦ એકડ જમીન મેળવવા માટે હવે મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રાજયમા યોગ્ય બેઝ શોધી કાઢવા દિલ્હીમા એનએસજી હેડળમા અંતિમ નિર્ણય લેવમા આવ્યા બાદ આગળ વધવામા આવશે. સૂત્રોએ કહ્યુ છે કે એનએસજી અને ગુજરાત સરકાર વચ્ચે વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ૨૬/૧૧ના મુંબઈના આતંકવાદી હુમલા બાદ બ્લેકકેટ કમાન્ડો ફોર્સે હૈદરાબાદ અને કોલકાતામાં બે વિશાળ ક્ષેત્રીય સેન્ટરોં સ્થાપિત કરવાની યોજના બનાવી હતી. અહીં ઓપરેશન અને લોજીસ્ટીક હેતુમાટે દરેક જગ્યાએ ૫૦૦૦ જવાનો રાખવાની વાત હતી. ઈમરજન્સી જેવા આતંકવાદી હુમલા દરમિયાન અસરકારક રીતે કાર્યવાહી કરી શકાય તે માટે આ યોજના તૈયાર કરાઈ હતી. આ હેતુ માટે હૈદરાબાદ એનએસજીને ૬૦૦ એકડ જમીન મળી ગઈ છે. જ્યારે કોલકાતા નજીક આવા સેન્ટર માટે ૩૪.૩૧ એકડ જમીન મળી શકે છે. નામ જાહેર નહી કરવાની સાથે સત્તાવાર સૂત્રોએ કહ્યુ છે કે પશ્ચિમ બંગાળમાં સેન્ટરની યોજના ફલોપ રહી છે કારણ કે દુવિધાભરી સ્થિતિ ઉભી થઈ હતી હવે આ સેન્ટર ગુજરાતમા સ્થાપિત કરાશે. જો દરેક બાબત યોજનાપૂર્વક આગળ વધશે તો એનએસજીના ૫૧૫૦ જવાન અહી ગોઠવાશે. એનએસજી ક્ષેત્રીય સેન્ટરમાં આતંકવાદ સામે લડવા માટેની તમામ સુવિધાઓ હશે. સાથે સાથે ટ્રેનીંગ પણ આપવામા આવશે. કાઉન્ટર, હાઈજેક કેક કમાન્ડો તૈયાર કરવામા આવશે.

જેટ વિદેશી પાઈલોટોની ભરતી આખરે બંધ કરી

મુંબઈ,તા. ૭

જેટ એરવેઝે ખર્ચકાપની જોરદાર ઝુબેશ હાથ ધરી છે. જેના ભાગરૂપે ઘણા પગલા લેવાનો નિર્ણય જેટ એરવેઝે કર્યો છે. વિદેશી પાઈલોટોને નહીં રોકવાનો નિર્ણય પણ જેટ એરવેઝ દ્વારા કરવામાં આવ્યો છે. ચોક્કસ આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ઓન ફ્લાઈટ ભોજનની સુવિધા પણ બંધ કરવાનો નિર્ણય જેટ એરવેઝે કરી લીધો છે. એરલાઈને ઘણા બધા પાસાઓને અમલી બનાવ્યા છે. કારણ કે રૂપિયામાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. ડોલર સામે રૂપિયો ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. મુખ્ય કારોબારી અધિકારીએ કહ્યું છે કે અમે તમામ બિન રૂપિયા ખર્ચ રોકવા જઈ રહ્યા છીએ. જેમાં વિદેશી પાઈલોટોની ભરતી કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. વિદેશી જાહેરાતોને પણ રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યુ હતુ કે એરલાઈને ભારતથી ચોક્કસ રૂટ ઉપર ભોજનની સુવિધા પણ અટકાવી દીધી છે. જેટ પાસે ૧૮૩ વિદેશી પાઈલોટો છે. નાગરિક ઉડિયન મંત્રાલયના જણાવ્યા મુજબ તે બોઈંગ ૭૩૭ અને એરબસ એ-૩૩૦ વિમાન માટે વધુ પાઈલોટોની ઈચ્છા ધરાવે છે. આનીથી ડોલરના ખર્ચમાં કાપ મુકી શકાશે. વિદેશી પાઈલોટોને ડોલરમાં ચુકવણી કરવામાં આવે છે. ડિરેક્ટોરેટ જનરલ સિવિલ એવિએશને વિદેશી પાઈલોટોને તબક્કાવાર રીતે દૂર કરવા આ એરલાઈનને ૨૦૧૩ સુધીની મહેતલ આપી છે. ગયા ઓગસ્ટ મહિનાથી રૂપિયો ડોલર સામે ૪૪.૦૮થી ઘટીને નીચી સપાટીએ પહોંચ્યો છે.

એનઆરએચએમ કૌભાંડમાં શુક્લાની સીબીઆઈ દ્વારા ધરપકડ

લખનૌ,તા. ૭

નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં ફંડની ઊચાપતના મામલામાં ઊંડી તપાસ ચાલી રહી છે. આ કૌભાંડના સંદર્ભમાં સીબીઆઈએ હવે લખનૌના ભૂતપૂર્વ ચીફ મેડીકલ ઓફિસર (સીએમઓ) એ કે શુક્લાની ધરપકડ કરી લીધી છે. ઓક્ટોબર ૨૦૧૦માં તેમના પૂર્વગામી વિનોદ આર્યાની હત્યા કેસના સંબંધમાં તેમની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે ધરપકડ કરવામાં આવેલા શુક્લાની આકરી પૂછપરછ હાથ ધરી છે. શુક્લાની રવિવારે મોડી રાત્રે બાતમીના આધાર ઉપર ધરપકડ કરાઈ હતી. આર્યાની હત્યા કરવાના કાવતરામાં તેમની સંડોવણી છે. સીબીઆઈના જણાવ્યા મુજબ આર્યાની હત્યા કરવામાં આવી હતી. કારણ કે એવી દહેશત હતી કે નેશનલ રૂરલ હેલ્થ મિશનમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અંગે આર્યા માહિતી આપી દેશે અને તેમની નાણાંની ઊચાપત અંગેનો મામલો સપાટીએ આવી જશે. એવા સંકેત પણ મળી રહ્યા છે કે શુક્લા અન્ય એક ચીફ મેડીકલ ઓફિસર બી પી સિંહની હત્યામાં પણ સામેલ છે.

જીએએઆરના અમલીકરણને મોકૂફ રાખવાનો નિર્ણય

મુંબઈ,તા.૭

શેરબજારમા આજે જોરદાર અફડાતફડી બાદ કારોબારના અંતે સેંસેક્સમાં રિકવરી થઈ હતી. જેથી રોકાણકારોને રાહત થઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૮૨ પોઈન્ટ સુધરીને બંધ રહ્યો હતો. અગાઉ સરકારે એક વર્ષ સુધી જીએએઆરના અમલીકરણને મોકૂફ રાખવાનો નિર્ણય કરતા શેરબજારમા નવી આશા જાગી હતી જેથી શરૂઆતી કારોબારમા થયેલા નુકસાનને રિકવર કરવામા સફળતા મળી હતી. ૩૦ શેર બેરોમીટર ઈન્ડેક્ષ ઈન્ટ્રાડે દરમિયાન ૩૧૭ પોઈન્ટ ઘટીને ૧૬૫૧૪ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. સૂચિત નવી જોગાવાઈના કારણે વિદેશી રોકાણકારોને મોટો ફટકો પડશે. છેલ્લી ૩૦ મિનિટ દરમિયાન જોરદાર લેવાલી જામી હતી.પ્રણવ મુખર્જીએ કરેલી શ્રેણીબદ્ધ જાહેરાતોની સીધી અસર શેરબજાર ઉપર થઈ હતી. જેથી ઈક્વીટી માર્કેટમા નવા પ્રાણ ફુકાયા હતા. એક વર્ષ સુધી જીએએઆરને અમલી બનાવાની યોજના મોકૂફ કરતા સીધો ફાયદો થયો હતો. સેંસેક્સ બાઉન્સબેક કરીને ૮૨ પોઈન્ટ સુધરી ૧૬૯૧૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સેંજના નિફ્ટીમા પણ બાઉન્સબેકની સ્થિતિ રહી હતી. નિફ્ટી ૨૭ પોઈન્ટ સુધરી ૫૧૨૪ની સપાટીએ રહ્યો હતો. કેપિટલ ગુડસ, પાવર, મેટલ, કન્ઝુયુમર ડ્યુરેબલના નેતૃત્વના ઘણા શેરોમા સુધારો રહ્યો હતો જો કે માર્કેટમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર રિલાયન્સ અને ઈન્ફોસિસ મંદી સાથે બંધ રહ્યા હતા. લાર્સન એન્ડ ટુબ્રો, ભારત હેવી ઈલેક્ટ્રીકલ્સ લિમિટેડ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મારુતુ સુઝુકી, બજાજ ઓટો, ડીએલએફ, આઈસીઆઈસીઆઈ બેંક, જિન્દાલ સ્ટીલ, એનટીપીસી, તાતા મોટર્સ, તાતા સ્ટીલના કારણે સેંસેક્સમા સુધારો થયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં ૧.૫૩ટકાનો ઘટાડો થયો હોવા છતા તેની કોઈ વધારે અસર જોવા મળી નથી. ઈન્ફોસિસમાં પણ ૦.૪૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે શરૂઆતથી ઉથલ પાથલ જોવા મળી હતી. બીએસઈ મીડકેપ ઈન્ડેક્ષ ૦.૬ ટકા અને સ્મોલ કેપ ઈન્ડેક્ષ ૦.૫ ટકાના સુધારા સાથે બંધ રહ્યા હતા. આવી જ રીતે બીએસઈ કેપિટલ ગુડસ ઈન્ડેક્ષમાં ૩.૬ ટકા, બીએસઈ કન્ઝુયુમર ડ્યુરેબલ ઈન્ડેક્ષમાં ૨ ટકા, બીએસઈ પાવર ઈન્ડેક્ષમાં ૧.૮ ટકા અને બીએસઈ મેટલ ઈન્ડેક્ષમાં ૧.૮ ટકાનો સુધારો થયો હતો. એફએમસીજી ઈન્ડેક્ષમાં ૦.૬ ટકાનો સુધારો નોંધાયો હતો.

ટ્રક અને જીપ ટકરાતાં ૧૭ શ્રદ્ધાળુના કરુણ મોત થયા

મોગા,તા. ૭

ચંદીગઢથી આશરે ૧૭૦ કિલોમીટરના અંતરે સ્થિત પંજાબના મોગા શહેરમાં જીપ અને ટ્રક સામ સામે અથડાઈ જતાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે. મૃત્યુ પામેલાઓમાં પાંચ મહિલાઓ અને પાંચ બાળકોનો સમાવેશ થાય છે. પોલીસે આ અંગે માહિતી આપતા જણાવ્યું છે કે ભોગ બનેલા તમામ લોકો શ્રદ્ધાળુઓ છે. આ શ્રદ્ધાળુઓ જગરાવ શહેર નજીક નાનકક્ષરમાં ધાર્મિક સ્થળ પર જઈને પરત આવી રહ્યા હતા ત્યારે બનાવ બન્યો હતો.

આ બનાવ વહેલી પરોઢે ૨ વાગે લુધિયાણા-ફિરોઝપુર હાઈવે ઉપર બન્યો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ૧૪ શ્રદ્ધાળુઓના મોત ઘટના સ્થળે જ થઈ ગયા હતા જ્યારે અન્ય ત્રણ શ્રદ્ધાળુઓના મોત મોગામાં હોસ્પિટલમાં થયા હતા. પોલીસે કહ્યું છે કે ઝડપથી આવતી ટ્રકે અન્ય એક વાહનને ઓવરટેક કરવાના પ્રયાસમાં જીપને ટક્કર મારી દીધી હતી. ટ્રક ડ્રાઈવર અકસ્માત સર્જ્યા બાદ વાહન છોડીને ફરાર થઈ ગયો હતો. મૃતકોની ઓળખ હજુ કરવામાં આવી નથી. વહેલી પરોઢે બનેલા બનાવના કારણે બચાવ અને રાહત કામગીરી પણ તાત્કાલિક ધોરણે હાથ ધરી શકાઈ ન હતી. પંજાબમાં હાલના દિવસોમાં અકસ્માતો થઈ રહ્યા છે.

ઈવીએમ મામલે સ્વામીની અરજી પર કેન્દ્રને નોટિસ

નવી દિલ્હી,તા.૭

ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન સંપૂર્ણપણે ટેમ્પરપ્રુફ નથી તેવી રજૂઆત કરી જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામા આવેલી અરજીના આધાર ઉપર સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર અને ચૂટણી પંચને તેમનુ વલણ સ્પષ્ટ કરવા કહ્યુ હતુ. સુબ્રમણ્યમ સ્વામીએ પેપર પ્રિન્ટ આઉટની વ્યવસ્થા કરવા અથવા તો ઈવીએમની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવાની રજૂઆત કરી હતી. કેન્દ્ર અને ચૂટણી પેનલને નોટિસ ફટકારતા જસ્ટિસ પી સતાશિવમ અને જે ચેલામેશ્વરની બનેલી બેંચે સ્વામીની અરજી ઉપર જવાબ માગ્યો છે. સ્વામીએ અગાઉ આ મામલે તેમની અરજીને ફગાવી દેવાના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંક્યો હતો. સ્વામીએ કેટલાક પશ્ચિમિ અને યુરોપીયન દેશોની યાદી પણ સુપરત કરી છે જ્યા ઈવીએમ માટે પ્રિન્ટ આઉટની પ્રથા પણ છે. આવા દેશોમાં ચૂટણી દરમિયાન આ રીતની પદ્ધતિનો ઉપયોગ કરવામા આવે છે. દિલ્હી હાઈકોર્ટે ૧૭મી જાન્યુઆરીના દિવસે કોઈ આદેશ જારી કરવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે કહ્યુ હતુ કે ઈવીએમ મારફતે યોજવામા આવતી ચૂટણીવેળા પ્રયોગ યોગ્ય નથી. જો કે બેંચે કહ્યુ હતુ કે ચૂટણીપંચ અન્ય સાથે આ મામલે ચર્ચા કરી શકે છે. રાજકીય પક્ષો સાથે પણ ચર્ચા કરી શકાય છે. અરજીઓનો નિકાલ લાવતા હાઈકોર્ટે કહ્યુ હતુ કે સ્વામી પોતે કોઈ દુરુપયોગનો આક્ષેપ કરી રહ્યા નથી. પરંતુ તેમનુ કહેવુ છે કે બનાવની શક્યતાને નકારી શકાય નહી.

ઓલાંડ ફ્રાન્સના આગામી પ્રમુખ બનવા માટે તૈયાર

પેરિસ,તા. ૭

ફ્રાન્સમાં એક નવા યુગની શરૂઆત થવા જઈ રહી છે. ફ્રાન્સમાં નિકો લસ સરકોઝી પ્રમુખની ચૂંટણીમાં હારી ગયા છે. જ્યારે સોશલિસ્ટ પાર્ટીના ફ્રાસ્વા ઓલાંડ ફ્રાન્સના આગામી પ્રમુખ બનવા માટૌ તૈયારી કરી ચુક્યા છે. પ્રમુખપદની ચૂંટણીના બીજા તબક્કામાં ગઈકાલે મતદાન થયા બાદ મતગણતરી હજુ જારી છે પરંતુ શરૂઆતી પ્રવાહ મુજબ ફ્રાન્સવા ઓલાંડને ૫૨ ટકા મત મળી ગયા છે. જ્યારે સરકોઝીને ૪૮ ટકા મત મળ્યા છે. બીજી બાજુ નિકોલસ સરકોઝીએ પોતાની હાર સ્વીકારી લીધી છે. ઓલાંડના સમર્થકોએ ઉજવણી શરૂ કરી દીધી છે. ઓલાંડના સમર્થકો પેરિસમાં ઉજવણી કરવા માટે ઉતરી આવ્યા હતા. પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ પોતાના ગઢ ગણાતાં મધ્ય ફ્રાંન્સના ટ્યુલમાં ભાષણ આપતા ઓલાંડે કહ્યું હતું કે લોકો પરિવર્તન ઈચ્છતા હતા. લોકોએ તેમના ઉપર પસંદગી ઉતારી છે. યુરોપના લોકો અમને જોઈ રહ્યા છે. ખર્ચમાં કાપ એક માત્ર વિકલ્પ નથી. ઓલાંડે કહ્યું હતું કે ફ્રાંન્સના અર્થતંત્રને વધુ વ્યવસ્થિત કરવાની જરૂર છે. બીજી બાજુ પોતાના રાજકીય ભાવી અંગે પૂછવામાં આવતા સરકોજીએ કહ્યું હતું કે તેમની જગ્યા હવે પહેલા જેવી રહેશે નહીં. દેશના મામલાઓમાં તેમની ભૂમિકા અલગ રહેશે.

ચૂંટણી પ્રચાર દરમિયાન સરકોજીએ સંકેત આપ્યો હતો કે જો તેઓ ચૂંટણી હારી જશે તો રાજકારણ છોડી દેશે. સોશિયલિસ્ટ લોકોનું કહેવું છે કે ઓલાંડની જીત બાદ તેમની પ્રથ